# પરિષદવૃત્ત

**સંકલન: અનિલા દલાલ**

## શ્રી સચ્ચિદાનંદ સન્માન

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રતિવર્ષ ગુજરાતી સાહિત્યના કર્મશીલ સર્જકને સ્વામી શ્રી સચ્ચિદાનંદજીના નામ સાથે જોડાયેલા આ સન્માનથી વિભૂષિત કરવામાં આવે છે. આ સન્માનમાં રૂપિયા પચ્ચીસ હજારનો ચેક, શાલ અને સ્મૃચિહ્ન અર્પણ કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૪ અને ઈ.સ. ૨૦૦૫ માટેનાં આ સન્માન અનુક્રમે ડૉ. ધીરુભાઈ પરીખ અને શ્રી ભોળાભાઈ પટેલને અર્પણ કરવાનો સમારંભ પરિષદ પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈના અધ્યક્ષસ્થાને તા. ૨૧-૬-૦૭, ગુરુવારના રોજ, સાંજના છ વાગ્યે પરિષદના ગોવર્ધન ભવનમાં યોજવામાં આવ્યો હતો.

સમારંભના પ્રારંભમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં આ સન્માનની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. એમણે જણાવ્યું કે 'સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ, દંતાલી' તરફથી આજ સુધીમાં મળેલા ચાર લાખ રૂપિયાના વ્યાજમાંથી આ સન્માન એનાયત કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૮થી આપવામાં આવતું આ સન્માન સૌપ્રથમ સ્વ. ભોગીલાલ ગાંધીને અર્પણ કરવામાં આવ્યું હતું. તે પછીથી સર્વશ્રી નારાયણ દેસાઈ, નિરંજન ભગત, ફાધર વાલેસ, ગુણવંત શાહ, સ્વ. જયંત પંડ્યા તથા શ્રી ભગવતીકુમાર શર્મા જેવા ઉત્કૃષ્ટ સારસ્વતોને આ સન્માનથી વિભૂષિત કરાયાની વીગતો શ્રી રઘુવીરભાઈએ રજૂ કરી હતી અને આજે આ બે સારસ્વતોને સન્માન અર્પણ થવા અંગે પોતાનો આનંદ પ્રગટ કરી, બંનેને અભિનંદનો પાઠવ્યાં હતાં.

પરિષદના ઉપપ્રમુખ અને પ્રસિદ્ધ કવિ-વાર્તાકાર શ્રી હરિકૃષ્ણ પાઠકે શ્રી ધીરુભાઈ પરીખનો વીગતે પરિચય આપ્યો હતો. ધીરુભાઈની રચનાઓમાંથી કેટલાંક દૃષ્ટાંતો આપી એમની સર્જકતાને પોંખી હતી. પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્ય અને જાણીતા કવિ-નિબંધકાર શ્રી યજ્ઞેશ દવેએ શ્રી ભોળાભાઈ પટેલનો પરિચય આપ્યો હતો. વિદ્વત્તાના ભાર વિનાના વિદ્વાન તરીકે ભોળાભાઈનો પરિચય આપી, ભોળાભાઈના હળવાફૂલ વ્યક્તિત્વને ઉપસાવી આપ્યું હતું. ભોળાભાઈની ઉત્કૃષ્ટ સર્જકતાનાં દૃષ્ટાંતો આપી એમની સર્જકતાને બિરદાવી હતી.

પરિચય-વિધિ પછી પરિષદપ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ રૂ. પચ્ચીસ હજારનો ચેક, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બંને સારસ્વતોનું અભિવાદન કર્યું હતું.

સન્માનિત સારસ્વતો શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી ભોળાભાઈ પટેલે પ્રતિભાવ આપતાં ગુજરાતી સાહિત્ય પરિષદ પરત્વે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરી હતી. (આ બંને સારસ્વતોના પ્રતિભાવો 'પરબ'ના આ જ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.)

પરિષદના કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર પટેલે આભારવિધિ કરી હતી. પરિષદના વહીવટી મંત્રી શ્રી રતિલાલ બોરીસાગરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## સર્જકો સાથે સંવાદ

તા. ૩-૫-૨૦૦૭ના રોજ ભારતીય વિદ્યાભવન (અંધેરી) ખાતે સાહિત્યગોષ્ઠિ મળી હતી તેમાં પચાસેક સર્જકો અને ભાવકોએ ભાગ લીધો હતો. દરેક સર્જકોની કૃતિ શ્રી અનિલ જોશી, નવલકથાકાર દિનકર જોષી અને હેમંત ધોરડાએ સર્જનાત્મક પ્રતિભાવ આપ્યો હતો. અસ્મિતા યાજ્ઞિકે ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે વાત કરી હતી.

હવે પછીની બેઠક તા. ૧-૭-૨૦૦૭, રવિવાર સાંજે ૫-૦૦ સાંજે તે જ સ્થળે મળશે. તેમાં સર્વશ્રી નીતિન મહેતા, પ્રફુલ્લ રાવલ, દિનેશ ભટ્ટ વગેરે હાજર રહેશે. સૌ લેખકો અને સાહિત્યરસિકોને આમંત્રણ.

જૂન મહિનાના પહેલા અને ત્રીજા મંગળવારે અનુક્રમે સર્વશ્રી વીનેશ અંતાણી અને રમેશ ર. દવેની વિશેષ ઉપસ્થિતિમાં 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમ યોજાઈ ગયો. સર્જકો દ્વારા કાવ્ય, વાર્તા તેમજ લઘુકથાનું પઠન અને તદ્નુષંગે ચર્ચા થઈ હતી. વીનેશભાઈએ વાર્તાલેખન વિશે માર્મિક સૂચનો કરી ઉત્તમ સાહિત્યના પરિશીલન પર ભાર મૂક્યો હતો. રમેશભાઈ દવેએ એક્સરસાઈઝ રૂપે રેલ્વે પ્લૅટફૉર્મ, એરપોર્ટ અને ડાઇનિંગ ટેબલ – ત્રણ વિષયોમાંથી પસંદ કરી તત્કાલ ૧૦૦ શબ્દોમાં તેના વિશે લખવા જણાવ્યું હતું. બધા જ સર્જકો તેમાં ઉત્સાહભેર જોડાયા અને તેના વાચનની સાથે સાથે વાર્તાકળાના વિશેષોનો પરિચય પણ સર્જકોને મળતો ગયો. બંને દિવસોએ લગભગ વીસેક સર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૩-૬-૨૦૦૭ના રોજ 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ ભાવનગર મુકામે થયો. આ કાર્યક્રમમાં શ્રી ધીરુબહેન પટેલ, યોગેશ જોષી, રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. તથા ભાવનગરના પ્રતિષ્ઠિત સાહિત્યકારો શ્રી તખ્તસિંહ પરમાર, વિનોદ જોશી, માય ડિયર જયુ, મનોહર ત્રિવેદીએ ઉપસ્થિત રહી નવસર્જકોને પ્રોત્સાહિત કર્યા હતા. પાંચ વાર્તાકારોએ કૃતિનું પઠન કર્યું હતું અને ત્યાર બાદ તજજ્ઞોએ તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## રવીન્દ્રભવન

તા. ૬-૬-૨૦૦૭ના રોજ રવીન્દ્રભવન અંતર્ગત થયેલા કાર્યક્રમમાં કવિશ્રી નિરંજન ભગતે ટાગોરના 'પૂરવી' કાવ્ય વિશે વ્યાખ્યાન આપ્યું તથા 'તપોભંગ' કાવ્યનું બંગાળીમાં પઠન અને ગુજરાતીમાં રસાસ્વાદ. તદ્દુપરાંત અંગ્રેજીમાં કેટલાંક કાવ્યોનું પઠન કર્યું હતું.

## પુસ્તકસહાય

યશલક્ષ્મી પુસ્તક સહાય અન્વયે ૨૦૦૬-૦૭ના વર્ષ માટે રૂ. ૫,૦૦૦નાં પુસ્તકો નર્મદ લાઇબ્રેરી, સુરતને આપવામાં આવ્યાં. પૂરને કારણે આ લાઇબ્રેરીનાં પુસ્તકો ધોવાઈ ગયાં હોવાથી પ્રસ્તુત મદદ કરવામાં આવી.

❐


પરબ ❖ ૨૦૦૭ ● ૭